सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૧૬ – ૦૯ – ૨૦૧૩ |
| નોંધણી તારીખ | :– ૧૬ – ૦૯ – ૨૦૧૩ |
| ફેંસલ તારીખ | :– ૨૧ – ૧૦ – ૨૦૨૪ |
| સમયગાળો | :– વર્ષ– માસ– દિવસ |
| | ૧૧ – ૦૧ – ૦૫ |

---

## મે. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.

---

**વ. કો. પરચુરણ અરજી નં.૪૫/૨૦૧૩**
**(ઈન વ. કો. (નોન–ફેટલ) કેસ નં.૩૭/૨૦૧૦)**
**આંક ::–**

ભીખુભાઈ પી. અગ્રવાલ, ઉ.વ.પુખ્ત.
હે. પ્લોટ નં.૩૫૫, વોર્ડ નં.૧૨/બી,
મું. તા. ગાંધીધામ, જી. કચ્છ. ..... **અરજદાર**

**વિરૂધ્ધ**

(૧) કિરતારામ કુંભારરામ જાટ, ઉ.વ.૨૮, ધંધો–નોકરી,
રહે. મું.ખારામહેચા,તા.ગુડમાલાની,
જી.બાડમેર (રાજસ્થાન)

(૨) રીલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કાું. લી,
મારફત–મેનેજરશ્રી,
હે. ડી.બી.ઝેડ., સાઉથ,
મું.તા.ગાંધીધામ, જી.કચ્છ. ..... **સામાવાળાઓ**

**બાબત :– મુળ વળતર અરજી વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ રીસ્ટોર કરવા બાબત...**

---

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી.એચ.એન.અસનાની.**
**સામાવાળાઓ ગેરહાજર.**

---

## –:: ઠ રા વ ::–

**(૧)** હાલનાં કામનાં અરજદાર (મુળ કામનાં સામાવાળા નં.૧) ની અરજીની ટુંકમાં હકીકત એ કે, "આ કામનાં સામાવાળા નં.૧ (મુળ અરજદાર) એ અમો સામાવાળા નં.૧ તથા ૨ સામે નામદાર કમીશ્નરશ્રી સમક્ષ વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ થી વળતર મેળવવા અરજ કરેલ હતી. જેમાં નામદાર અદાલતે અમો અરજદાર વિરૂધ્ધ એકતરફી આખરી હુકમ ફરમાવેલ છે. સદર વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ અમો અરજદાર સામે એકતરફી ચલાવવામાં આવેલ છે. સદર કામે અમો અરજદાર કોઈ બચાવ કે પુરાવો રજુ કરી શકેલ નથી. સને–૨૦૧૧ ના અરસામાં અમો અરજદારની ઓફીસમાં જુદાં–જુદાં ડીપાર્ટમેન્ટની રચના કરવામાં આવેલ તથા ડીસ્પેચ કલાર્ક તમામ ડીપાર્ટમેન્ટની ટપાલ સ્વીકારી જે તે ડીપાર્ટમેન્ટને આપતા હતા. જે તે સમયમાં વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ અરજદારોએ નામદાર કોર્ટમાં દાખલ કરેલ અને સદર કામની નોટીસ અરજદારોની ગાંધીધામ ઓફીસે કરવામાં આવેલ હશે. જે નોટીસ અરજદારને જાણમાં કે હાથમાં આવેલ નથી. જેથી અમો અરજદાર વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ માં હાજર થઈને પોતાના બચાવ કે પુરાવા રજુ કરી શકેલ નથી. તથા નામદાર કોર્ટે અરજદારોની સામે એકતરફી કેસ ચલાવવા આખરી હુકમ ફરમાવી આપેલ છે. અમો અરજદાર સામે વળતરની રકમના ૫૦% રકમ રૂા. ૪,૨૩,૬૨૫/– (અંકે રૂપીયા ચાર લાખ ત્રેવીસ હજાર છસૌ પચ્ચીસ પુરા) તથા ખર્ચનાં રૂા. ૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) ફરમાવેલ છે. તે રકમ અમો અરજદારે ભરવાપાત્ર નથી. અમો અરજદારને રજુઆત કરવા તથા તેને લગત તમામ આધાર પુરાવા અરજદારનાં કબજામાં છે. જે રજુ કરવા અમો અરજદારને તક મળેલ નથી. અમો અરજદારને નોટીસ તા. ૨૧/૦૮/૨૦૧૩ નાં રોજ મળતા આ કેસને લગતા તમામ કાગળો મેળવી વકીલની સલાહ લઈ હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે. આથી અમો અરજદાર સામે વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ માં થયેલ એકતરફી હુકમ રદ્દ કરાવવા તથા અમો અરજદારને યોગ્ય બચાવ તથા આધાર પુરાવા રજુ કરવા યોગ્ય તક આપવા વિનંતી કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીસ સામવાાળા નં.૨ ને બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેજમેન્ટ આંક–૦૭ થી રેકર્ડમાં રજુ છે. પરંતુ હાલના

કામે સામાવાળા નં.ર તર્ફે હાજર રહી, જવાબ રજુ કરેલ નથી. વધુમાં આ કામના સામાવાળા નં . ૧ (મુળ અરજદાર) ને નોટીસ બજેલ નથી અને કવર પરત આવેલ છે. જે હાલના કામે રેકર્ડમાં રજુ છે. ત્યારબાદ સદર કામ સામાવાળા નં.૧ ને નોટીશ બજવાનાં સ્ટેજ ઉપર મુલત્વી રહેલ છે. ત્યારબાદ હાલનાં કામમાં વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ નાં કામે સામાવાળા નં.૧ (મુળ અરજદાર) તર્ફે હાજર રહેલ વિ.વ.શ્રી. એ.પી.લેઉવા હાજર થયેલ છે અને તેઓ દ્વારા હાલની કામે આંક–૦૧ ની અરજ ઉપર ''અરજદારની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો નથી '' તે મુજબનો શેરો કરેલ છે.

**(૩)** ઉપરોકત હકીકતે સદરહું અરજનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## *–:: <u>મુદ્દાઓ</u> ::–*

**(૧)** શું અરજદાર પુરવાર કે છે કે તેઓ હાલની અરજમાં માંગેલ દાદ મેળવવા હકકદાર છે ?

**(૨)** શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

## –:: <u>કા ર ણો</u> ::–

**(૫)** વધુમાં હાલનાં તબકકે પ્રથમ ઔધોગીક વિવાદ ધારા,૧૯૪૭ વિથ ગુજરાત રૂલ્સ,૧૯૬૬ માં રૂલ–૨૬(એ) માં એક તરફી હુકમ રદૃ કરવાની બાબતમાં જોગવાઈ કરવામાં આવેલ છે જે વંચાણે લેવી જરૂરી છે. સદર જોગવાઈ નીચે મુજબ છે.

- **<u>નિ.૨૬–(ક) (૨૬–એ) એક તરફી હુકમો, એવોર્ડ અને રીપોર્ટો રદૃ કરવા બાબત.–</u>**

  **(૧)** એક તરફી હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર સંબંધિત પક્ષકાર અરજી કરે એટલે બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા લવાદ સામાવાળા પક્ષકારને નોટીશ આપ્યા પછી પુરતા કારણસર, યથાપ્રસંગ, આવા હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટ રદૃ કરી શકશે.

  **(૨)** બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ ટ્રીબ્યુનલ અથવા લવાદ પુરતું કારણ દર્શાવવામાં આવ્યેથી

પેટા–નિયમ (૧) માં ઉલ્લેખેલી મુદ્દત લંબાવી શકશે.

(૩) પેટા–નિયમ (૧) હેઠળની અરજી સાથે સોગંદનામું હોવું જોઈશે.

(૬) વધુમાં હાલનાં અરજદાર તર્ફે હાલનાં કામમાં વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/ ૨૦૧૦ નાં કામે સામાવાળા નં.૧ (મુળ અરજદાર) તર્ફે હાજર રહેલ વિ.વ.શ્રી. એ.પી.લેઉવા હાજર થયેલ છે અને તેઓ દ્રારા હાલની કામે આંક–૦૧ ની અરજ ઉપર ''અરજદારની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો નથી '' તે મુજબનો શેરો કરેલ છે. તેનાં ઉપર આધાર રાખેલ છે. પરંતુ હાલનાં કામે સામાવાળા નં.૧ નાંઓને આજદિન સુધી નોટીશની ધોરણસર બજવણી કરવામાં આવેલ નથી કે તે અંગે અરજદાર તર્ફે કોઈ પણ પ્રકારનાં પુરતા પ્રયત્નો કરવામાં આવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી. એ.પી.લેઉવાનાંઓ દ્રારા સામાવાળા નં.૧ તર્ફે સદર શેરો કરવા અંગે પોતાને અધિકાર હોવા અંગેનું અધિકારપત્ર કે વકીલાતપત્ર રજુ કરવામાં આવેલ નથી. જેથી તેઓ દ્રારા કરવામાં આવેલ શેરો હાલનાં કામે ગ્રાહય રાખવામાં આવેલ નથી.

(૭) ઉપરોકત જોગવાઈને ધ્યાને લઈ, તેમજ હાલની અરજમાં અરજદાર તર્ફે જણાવેલ કારણ તથા રજુઆત ધ્યાનમાં લેતા અરજદાર તર્ફે રજુઆત છે કે, “અમો અરજદાર કોઈ બચાવ કે પુરાવો રજુ કરી શકેલ નથી. સને–૨૦૧૧ ના અરસામાં અમો અરજદારની ઓફીસમાં જુદાં–જુદાં ડીપાર્ટમેન્ટની રચના કરવામાં આવેલ તથા ડીસ્પેચ કલાર્ક તમામ ડીપાર્ટમેન્ટની ટપાલ સ્વીકારી જે તે ડીપાર્ટમેન્ટને આપતા હતા. જે તે સમયમાં વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ અરજદારોએ નામદાર કોર્ટમાં દાખલ કરેલ અને સદર કામની નોટીસ અરજદારોની ગાંધીધામ ઓફીસે કરવામાં આવેલ હશે. જે નોટીસ અરજદારને જાણમાં કે હાથમાં આવેલ નથી. જેથી અમો અરજદાર વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૩૭/૨૦૧૦ માં હાજર થઈને પોતાના બચાવ કે પુરાવા રજુ કરી શકેલ નથી.” તે મુજબના કારણો દર્શાવેલ છે. પરંતુ સદર કારણો અંગે આધારરૂપ કોઈ પણ પ્રકારનાં પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં ઉપરોકત હકીકત અન્વયે હાલનાં કામે વ. કો. (નોન–ફેટલ) અરજ નં .૩૭/૨૦૧૦ નાં કામે થયેલ એવોર્ડ તથા રેકર્ડ વંચાણે લેતાં તેમજ અરજદાર દ્રારા તેઓની હાલની અરજમાં કરેલ કબુલાત મુજબ સદર કામે હાલનાં કામનાં સામાવાળા નં.૧ (મૂળ અરજદાર) દ્રારા હાલનાં કામનાં અરજદારને ધોરણસર નોટીશ બજાવવામાં આવેલ છે. આમ, હાલનાં કામનાં અરજદાર સ્વૈચ્છીક રીતે સદર કામે ગેરહાજર રહેલ હોવાનું જણાઈ આવે છે. જેથી

સદર કામે વળતર અરજ લગત ન્યાયીક કાર્યવાહી સારું હાજર ન રહેતા, સદર કામમાં અમારા પુરોગામી ન્યાયાધીશશ્રીઓ દ્વારા હાલનાં કામનાં અરજદારનો જવાબ, પુરાવા રજુ કરવાનો તથા દલીલ કરવાનો હકક ક્રમશ: બંધ કરવામાં આવેલ છે.

(૮) વધુમાં સદર કામે હાલનાં કામનાં અરજદારે અરજદારને પુરતી અને યોગ્ય તક અને સમય આપેલ હોવા છતાં અરજદાર હાજર રહેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં હાલની અરજમાં અરજદાર તર્ફે સદર કામે હાજર નહીં અંગે જણાવેલ કારણ અન્વયે કોઈ વાજબી અને માનવાલાયક કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી. આમ, હાલનાં કામનાં અરજદારને શરૂઆતથી જ સદર કેસ બચાવ કરવા અંગે રસ ન હોવાનું જણાઈ આવે છે. આમ, મુળ કામ વ. કો. (નોન–ફેટલ) નં.૩૭/૨૦૧૦ માં હાલનાં કામનાં અરજદાર (સામાવાળા નં.૧ ) ને પુરતી તકો આપ્યા બાદ હાજર પક્ષકારોની દલીલો તથા રજુ પુરાવાને ધ્યાને લીધા બાદ આખરી હુકમ કરવામાં આવેલ છે. આમ, અરજદારની હાલની અરજની હકીકત જોતાં અરજદારે બચાવ કરવા સારું હાજર ન રહી શકવા અંગે જે કારણ દર્શાવેલ છે. સદર કારણો અરજદારની હાલની મંજુર કરવા પુરતા યોગ્ય જણાઈ આવતા નથી. આમ, અરજદારની હાલની અરજી માંગેલ દાદ મંજુર કરવાપાત્ર જણાતી ન હોય, ઉપરોકત ચર્ચા અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૨૧મી ઓકટોબર સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૨૧/૧૦/૨૦૨૪
સ્થળ :– ગાંધીધામ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
કમિશ્નરશ્રી, વ.કો.એકટ, લેબર કોર્ટ
(જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.

*સ્ટેનો: ટી.એન.વોરા.*

***JUDGE CODE : GJ01300***